**<u>GUJARAT BILL NO. 18 OF 2019.</u>**

# THE GUJARAT LAND REVENUE (SECOND AMENDMENT) BILL, 2019.

## *A BILL*

*further to amend the Gujarat Land Revenue Code, 1879.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૮ .**

## ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૯.

**ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજયના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો.**

**સન ૧૮૭૯ના મુંબઇના ૫-મા અધિનિયમની કલમ ૧૩૫ઘ-નો સુધારો.**

૨. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં, કલમ ૧૩૫-ઘમાં, પેટા-કલમ (૫)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ-

"(૫) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલા મુકરર અધિકારીએ કરેલ કોઇ લેવડ-દેવડમાં હિતસંબંધ ધરાવતી કોઇ વ્યક્તિએ, હાથે બનાવીને અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં વાંધો ઉઠાવ્યો ન હોય, ત્યારે ઠરાવવામાં આવે તેટલા સમયમાં, એવી લેવડ-દેવડ માટે અને તેવી બોલીઓ અને શરતોએ, ફેરફારની નોંધ પ્રમાણિત કરવામાં આવશે.".

## ઉદ્દેશો અને કારણો

જમીન મહેસૂલને લગતા કાયદા એકત્રિત કરવા અને તેમાં સુધારો કરવા માટે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અધિનિયમિત કરવામાં આવ્યો હતો. સદરહુ અધિનિયમની કલમ ૧૩૫-ઘ-ની પેટા કલમ (૫)થી, લેવડદેવડમાં હિતસંબંધ ધરાવતી કોઈ વ્યક્તિએ, ત્રીસ દિવસની મુદતની અંદર હાથે બનાવીને અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં વાંધો ઉઠાવ્યો ન હોય તેવા કિસ્સાઓમાં, ફેરફારની નોંધને, સ્વયંસંચાલિત રીતે ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં અથવા હાથે બનાવીને પ્રમાણિત કરવા માટેની જોગવાઇ કરી છે.

રાજ્ય સરકારે, ફેરફારના રજિસ્ટર અને તકરારી બાબતોના રજિસ્ટર માટે ઓટો-જનરેટેડ ઇમેઇલ, એસ.એમ.એસ. વગેરેની સુવિધા ધરાવતી જુદી જુદી ઑનલાઇન પદ્ધતિઓ અપનાવી છે. ફેરફારના રજિસ્ટર અને તકરારી બાબતોના રજિસ્ટરમાં નોંધ કરતી વખતે, વિદ્યમાન સંદેશા-વ્યવહારની પદ્ધતિઓની સાથે સંદેશા-વ્યવહારની આવી પદ્ધતિઓ અંગે વિચારણા કરવી જોઈએ. રાજ્ય સરકારે, ઇ-ધરા પદ્ધતિ મારફત અપીલ સત્તાધિકારીઓને, તેમના દ્વારા કરવામાં આવતા હુકમો માટે ફેરફારની નોંધો કરવાની પણ સત્તા આપી છે. આવા સંજોગોમાં, સદરહુ અધિનિયમની કલમ ૧૩૫-ઘ-ની પેટા-કલમ (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની ત્રીસ દિવસની મુદતની, ફરી વિચારણા કરવી જરૂરી છે, જેથી કરીને ફેરફારની નોંધને પ્રમાણિત કરવાની પ્રક્રિયા વધુ ઝડપથી કરી શકાય. સદરહુ અધિનિયમની કલમ ૧૩૫-ઘ-ની પેટા-કલમ (૫), તદનુસાર બદલવા ધાર્યું છે. વિધેયકની કલમ ૨-થી, તે અંગેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**કૌશિક પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીની જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે, તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.-** આ કલમથી બદલવા ધારેલી કલમ ૧૩૫-ધ-ની પેટા-કલમ (૫)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇ લેવડદેવડમાં હિતસંબંધ ધરાવતી કોઇ વ્યક્તિએ, હાથે બનાવીને અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં વાંધો ઉઠાવ્યો ન હોય તેવા કિસ્સાઓમાં, જે સમયમાં, જે લેવડદેવડ માટે, જે બોલીઓ અને શરતોને અધીન રહીને, ફેરફારની નોંધ, હાથે બનાવીને અથવા ઓટોમેટેડ પ્રોસેસ મારફત(સ્વયંસંચાલિત રીતે) ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં પ્રમાણિત કરવી જોઇશે, તે નિયમો દ્વારા ઠરાવવાની પણ સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક છે અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૮મી જુલાઇ, ૨૦૧૯. **કૌશિક પટેલ.**

## પુરવણી

## ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઇના ૫-મા) માંથી ઊતારા.

---

ફેરફારનું રજિસ્ટર અને તકરારી બાબતોનું રજિસ્ટર.

**૧૩૫ધ.** (૧) xxx xxx xxx

(૨) મુકરર અધિકારી ફેરફારના રજિસ્ટરમાં હાથે બનાવીને અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં નોંધ કરે, ત્યારે તેણે તે જ સમયે હકપત્ર અથવા ફેરફારના રજિસ્ટર ઉપરથી ફેરફારમાં હિતસંબંધ ધરાવનારી જે વ્યક્તિઓ જણાય તેમને અને જે બીજી કોઇ વ્યક્તિઓ તેમાં હિતસંબંધ ધરાવતી હોવાનું માનવાને કારણ હોય તેમને, ઠરાવવામાં આવે તેવી રીતે જાણ કરવી જોઇશે.

(૩) અને (૪) xxx xxx xxx

(૫) લેવડદેવડમાં હિતસંબંધ ધરાવતી કોઇ વ્યક્તિએ ત્રીસ દિવસની મુદતની અંદર હાથે બનાવીને અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં વાંધો ઉઠાવ્યો ન હોય, ત્યારે ફેરફારની નોંધ સ્વયંસંચાલિત રીતે ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં અથવા યથાપ્રસંગ, હાથે બનાવીને પ્રમાણિત કરવી જોઇશે.

(૬) થી (૯) xxx xxx xxx

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮.]

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી કૌશિક પટેલ,
મહેસૂલ મંત્રીશ્રી]

(સન ૨૦૧૯ના જુલાઇ મહિનાની ૧૮મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# THE GUJARAT LAND REVENUE (SECOND AMENDMENT) BILL, 2019.

## GUJARAT BILL NO. 18 OF 2019.

## *A BILL*

*further to amend the Gujarat Land Revenue Code, 1879.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Land Revenue (Second Amendment) Act, 2019.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 135D of Bom. V of 1879.**

**2.** In the Gujarat Land Revenue Code, 1879, in section 135D, for sub-section (5), the following sub-section shall be substituted, namely:- **Bom. V of 1879.**

"(5) Where no objection is raised, either manually or electronically, by any person having interest in any transaction made by the designated officer as referred to in sub-section (2), the mutation entry shall be certified, within such time, for such transaction and on such terms and conditions as may be prescribed.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Land Revenue Code, 1879 was enacted to consolidate and amend the law relating to Land Revenue. Sub-section (5) of section 135D of the said Act provides for the mutation entry to be certified electronically through an automated process or manually in cases where no objection is raised by any person having interest in the transaction, either manually or electronically within a period of thirty days.

The State Government has adopted various online systems having facility of auto-generated Email, SMS, etc. for register of mutations and register of disputed cases. Such modes of communication ought to be considered alongwith the existing communication systems while making entry in the register of mutations and register of disputed cases. The State Government has also empowered the appealing authorities through e-dhara system, to make mutation entries for the orders pronounced by them. In such circumstances, the period of thirty days as specified in the said sub-section (5) is required to be reconsidered so as to make the process for certifying the mutation entry more quickly. Sub-section (5) of section 135D of the said Act is proposed to be substituted accordingly. *Clause* 2 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

**KAUSHIK PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:--

***Clause 1.***— Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

***Clause 2.***— Sub-section (5) of section 135D proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the time within which, the transaction for which, the terms on which and the conditions subject to which, the mutation entry shall be certified electronically through an automated process or manually in cases where no objection is raised by any person having interest in any transaction, either manually or electronically.

The delegation of legislative powers, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 18th July, 2019. **KAUSHIK PATEL.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT LAND REVENUE CODE, 1879.

**(Bom. V of 1879)**

**Register of mutations and register of disputed cases.**

**135D.** (1) XXX XXX XXX

(2) Whenever a designated officer makes an entry, either manually or electronically in the register of mutations, he shall at the same time intimate to all persons appearing from the record of rights or register of mutations to be interested in the mutation and to any other person whom he has reason to believe to be interested therein in the manner as may be prescribed.

(3) and (4) XXX XXX XXX

(5) Where no objection is raised by any person having interest in the transaction, either manually or electronically, within a period of thirty days, the mutation entry shall be certified electronically through an automated process or manually, as the case may be.

(6) to (9) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 18 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Land Revenue Code, 1879.*

**[SHRI KAUSHIK PATEL,**
**MINISTER FOR REVENUE]**

**(As published in the Gujarat Government Gazette of 18th July, 2019)**

**D.M.PATEL**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**